‘આપ’ સરકાર વિશ્વાસનો મત જીતી



વિશ્વાસમતની તરફેણમાં ૩૭ અને વિરોધમાં ૩૨ મત પડ્યા : લાંબી ચર્ચા બાદ કેજરીવાલે જોરદાર પ્રવચન આપ્યુ : ભ્રષ્ટાચાર મુક્ત શાસન આપવાનું વચન આપ્યુ : કેજરીવાલે આમ આદમી પાર્ટીની પરિભાષા આપી

નવી દિલ્હી,તા. ૨

અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીની સરકારે આજે પ્રથમ અગ્નિ કસોટી પાસ કરી હતી અને દિલ્હી વિધાનસભામાં વિશ્વાસ મત જીતી લીધો હતો આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલા સસ્પેન્સનો અંત આવી ગયો હતો. આમ આદમી પાર્ટીના નેતા મનિષ સિસોદિયા દ્વારા રજુ કરવામાં આવેલી વિશ્વાસ દરખાસ્તને કોંગ્રેસ અને જેડીયુના ટેકા સાથે મૌખિક મતથી પસાર કરી દેવામાં આવી હતી. દિલ્હીમાં પાંચ દિવસ જૂની કેજરીવાલ સરકારે વિશ્વાસમત જીતીને હવે આગામી તૈયારી શરૂ કરી દીધી છે. અગાઉ ચર્ચાનો જવાબ આપતા મુખ્યમંત્રી કેજરીવાલે પુનરોચ્ચાર કર્યો હતો કે તેમની સરકાર ભ્રષ્ટાચારના કેસોમાં સામેલ કોઈને પણ છોડશે નહીં. કેજરીવાલે દેશમાં રાજનીતિની ગુણવત્તાને બદલવા ભાવનાશીલ નિવેદન કર્યુ હતુ અને કહ્યુ હતુ કે સામાન્ય લોકોની લાઈફને બદલવા માટેનો સમય આવી ગયો છે.

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૯૩ | ૩ જાન્યુઆરી, ૨૦૧૪, શુક્રવાર; પોષ સુદ - ૨/૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

NEWS બિટ્સ

● ઓનલાઈન શોપીંગમાં ૮૮ ટકાનો ઉઠાળો

આર્થિક મંદી અને વધતી મોંઘવારી વચ્ચે ઓનલાઈન ખરીદીમાં કોઈ જ ફરક પડ્યો નથી. વર્ષ ૨૦૧૩માં ઓનલાઈન શોપીંગ બજારમાં ૮૮ ટકાનો જબરજસ્ત ઉઠાળો નોંધાયો છે. અને તે ૧૬ અબજ ડોલરે પહોંચી છે. ઈન્ટરનેટ મારફત ખરીદારી કરવામાં મુંબઈ સૌથી મોખરે રહ્યું હતું. ત્યારબાદ દિલ્હી અને કોલકતાનો નંબર છે.

● હાઈસ્પીડ ટ્રેનોમાં એફડીઆઈ છૂટની સંભાવના

સરકાર ખુબ જ જલ્દી હાઈસ્પીડ ટ્રેન અને કેટલાક અન્ય પ્રકારની રેલ પરિયોજનાઓમાં

પ્રત્યક્ષ વિદેશી રોકાણ (એફડીઆઈ)ની મંજુરી આપી શકે છે. સુત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર વિદેશી રોકાણને ઉપ નગરિય રેલ પ્રણાલી, હાઈ સ્પીડ ટ્રેનો તથા માલગાડી લાઈન પરિયોજનાઓમાં એફડીઆઈ છૂટની સંભાવના છે.

● ૫૦૦ રૂપિયાની નવી નોટ ટૂંક સમયમાં બહાર પડાશે

રિઝર્વ બેંક ટૂંક સમયમાં જ મહાત્મા ગાંધી સિરિઝની ૫૦૦ રૂપિયાની નવી નોટો બહાર પાડશે. નોટની આગળ અને પાછળની બાજુએ રૂપિયાની નિશાની હશે અને બંને નંબર પેનલ ઉપર આર લખેલુ હશે. નવી નોટ ઉપર રિઝર્વ બેંકના નવા ગવર્નર રઘુરામ રાજનના હસ્તાક્ષર હશે.

● મકરસંક્રાંતિ ઈદે મિલાદ એક સાથે

હાલમાં ઈસ્લામી પંચાંગનો સફર માસ ચાલી રહ્યો છે અને ગુરૂવારે તેની ૨૯મી તારીખ છે. જો ગુરૂવારે આકાશમાં ચંદ્રદર્શન થાય તો શુક્રવારથી રબી ઉલ અવ્વલ માસનો પ્રારંભ થશે. આ માસની ૧૨મી તારીખે ઈદે મિલાદ ઉજવાય છે. આ રીતે જો શુક્રવારે ૧લી તારીખ થાય તો ૧૪મી જાન્યુઆરીને મંગળવારના દિવસે પૈગમ્બર સાહેબની જન્મ જયંતિ ઉજવાશે અને એજ દિવસે મકર સંક્રાંતિ હશે.

ગાંધીનગરમાં ભરશિયાળે વરસાદી માહોલ

વાદળછાયા વાતાવરણ વચ્ચે છાંટા પડયા : હીમ જેવા પવનોની નગરજીવન પર ઘેરી અસર : માર્ગો સુમસામ બન્યા

ગાંધીનગર, તા.૨

ગાત્રો થીજાવી દેતી ઠંડી અને સુસવાટા મારતા પવનોથી જનજીવન જાણે થીજી ગયું છે. આખો દિવસ માવઠા જેવું વાતાવરણ વચ્ચે વહેલી સવારે શહેરમાં વરસાદી છાંટા પડતા

ઠંડી વધી હતી. દિવસ દરમિયાન પણ બબ્બે ગરમ વસ્ત્રો પહેરવા પડે તેવી આકરી ઠંડીનો સામનો નગરજનો કરી રહ્યા છે.

છેલ્લા બે દિવસથી શહેરમાં માવઠાનું વાતાવરણ છે. સુર્ય નારાયણના દર્શન થયા નથી. વાદળીયું અને ધુમ્મસભર્યું વાતાવરણ નગરજનોને પરેશાન કરી રહ્યું છે. આજે સવારે તો ધુમ્મસભર્યા વાતાવરણ વચ્ચે શહેરમાં ક્યાંક ક્યાંક વરસાદી છાંટા પડયા હતા.જો કે થોડીક જ વારમાં છાંટા પડવાના બંધ થઈ ગયા હતા. પરંતુ ઠંડીમાં ખુબ વધારો થયો હતો. વાદળ છાયા વાતાવરણની વચ્ચે જ સુસવાટા મારતો પવન સતત ફુંકાતો હતો. ઠંડા પવનના કારણે દ્વિચક્રી વાહન લઈને નીકળતા વાહનચાલકોની હાલત ખરાબ થઈ ગઈ હતી. દિવસે પણ જેકેટ અને સ્વેટર-શાલમાં લપેટાઈને ફરવું પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી. આજે લઘુત્તમ તાપમાન ૧૬ ડિ.સે. અને મહત્તમ તાપમાન ૨૩.૫ ડિ.સે. નોંધાયું હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે ૮૦ટકા અને સાંજે ૬૯ ટકા રહ્યું હતું. ભેજનું પ્રમાણ વધતા છાંટા પડયા હતા.

(તસવીર : દિપક જાની)

હજુ વાદળછાયુ વાતાવરણ એક-બે દિવસ રહેશે. તે પછી વાદળો વિખેરાતા હાડ થીજવતી ઠંડી પડવાની આગાહી હવામાન વિભાગે કરી છે. આખો દિવસ અને રાત ઠંડો પવન ફુંકાતા વસાહતીઓ ઘરમાં જ પુરાઈ રહ્યા હતા. સાંજે વાત વાગ્યા પછી માર્ગો પરની અવરજવર સાવ ઘટી ગઈ હતી. ઠંડીના કારણે બજારોમાં પણ અવરજવર સાવ નહીવત જોવા મળી હતી.

(તસવીર : કશ્યપ નિમાવત)

શિયાળાની કડકડતી ઠંડી માનવજીવનને તો અસર કરે જ છે પરંતુ મુંગાજીવ પણ ઠંડીથી થથરે છે અને બે દિવસથી સૂરજનાં દર્શન પણ દુર્લભ છે. આવનારા દિવસોમાં હજુ ઠંડી વધવાની સંભાવના છે.

જિલ્લા સમિતિના પ્રમુખમાં ફેરફાર કરાયો જ નથી : મોઢવાડિયા

૧૨મી પછી પેનલમાં સૂચવાયેલા નામો પર બધા જ આગેવાનો સાથે ચર્ચા કરી નિર્ણય લેવામાં આવશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખપદમાં કોઈ જ ફેરફાર નહિ કરાયો હોવાની સ્પષ્ટતા સાથે પ્રદેશ પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ ૧૨મી જાન્યુઆરી પછી પુનઃ મળી સાથે ચર્ચા કરી સર્વાનુમતે નિર્ણય લેવાશે તેવી ખાતરી આજે કોંગ્રેસના આગેવાનોને આપી હતી.

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના પ્રમુખ તરીકે શ્રી જશુભાઈ રાણા છે પરંતુ લોકસભાની આવી રહેલી ચૂંટણીઓમાં તેમની શક્તિનો લાભ મળી શકે તે માટે અન્ય જિલ્લાઓની જવાબદારી સોંપાઈ છે ત્યારે પક્ષના સંગઠનને સંભાળી શકાય તેહેતુથી ધુળાજી ઠાકોરને કાર્યકારી પ્રમુખ બનાવાયા છે. તેવી વાત કરી એક અહાયદો પત્ર પણ કોંગ્રેસના આગેવાનોને આપ્યો હતો.

પ્રદેશ પ્રમુખશ્રીએ આગેવાનોને જણાવ્યું કે નવી નિમણુંકમાં કેન્દ્રીય મોવડીમંડળની મંજૂરી લેવાની હોય છે અને તે પ્રક્રિયા હજુ બાકી છે એટલે સંગઠનમાં ફેરફારની વાતનો છેદ ઉડી જાય છે. આજે જિલ્લા કોંગ્રેસના આગેવાનોએ એક કલાક સુધી પ્રદેશ પ્રમુખ શ્રી મોઢવાડિયા સામે ઉગ્ર રજુઆતો કરી હતી. આ દરમ્યાન ચૂંટણીના પરાજયથી લઈ હમણાં સુધીની બનેલી રાજકીય ઘટનાઓનો ચિતાર રજુ કરી પ્રદેશ આગેવાનોને ગેરમાર્ગે દોરવાનું વ્યવસ્થિત તંત્ર ચાલી રહ્યાના આક્ષેપો કર્યા હતા.

પ્રદેશ પ્રમુખશ્રીએ આજે સાચી પરિસ્થિતિનો તાગ મળતાં જ બધા આગેવાનોને નવા પ્રમુખની નિમણુંક પૂર્વે ચર્ચા કરવામાં આવશે તેવી હૈયાધારણ આપી હતી. ચર્ચા માટે ૧૨મી જાન્યુઆરી પછી પુનઃ બધાને મળવા માટે બોલાવવામાં આવશે અને તે બેઠકમાં પેનલમાંથી રજુ થયેલા નામો પર જ ચર્ચા કરવામાં આવશે તેમ પણ તેમણે નિર્દેશ આપ્યો હતો.

આજે રજુઆત કરવા જનારાઓમાં શ્રી અરવિંદસિંહ સોલંકી, શ્રી અજીતસિંહ વાઘેલા, શ્રીમતિ હીનાબેન પટેલ, શ્રી બાબુજી ઠાકોર, શ્રી અશ્વિનભાઈ બારોટ, શ્રી સૂર્યસિંહ ડાભી, શ્રી લાલભાઈ પટેલ સહિત અનેક આગેવાનો જોડાયા હતા. તાલુકાના પ્રમુખો, તાલુકા પંચાયતના સભ્યો પણ જોડાયા હતા.

આજે ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા

વહીવટીય કામગીરી વધુ પડતી હોવા છતાં રાજીનામાના મુદ્દે રાજકીય ઉત્સુકતા જોવા મળી રહી છે.

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે બપોરે બે વાગે મળનારી સામાન્ય સભામાં વહીવટીય કામગીરી વધુ છવાયેલી રહેશે.

જિલ્લા પંચાયતના સરદાર હોલમાં પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલના અધ્યક્ષપદે મળનારી આ બેઠકમાં જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રીમતિ ભીખીબેન ઠાકોર સહિત ચાર સભ્યોએ વિવિધ સમિતિઓમાંથી આપેલા રાજીનામા મંજૂરી માટે રજુ થશે જેના પર સૌની નજર મંડાયેલી છે.

સામાન્ય સભામાં વિપક્ષે આમ તો બહુ આક્રમક રણનીતિ અખત્યાર નહિ કરવાનું મન બનાવી લીધુ હોય તેવું લાગે છે. તેમનો આગ્રહ શિક્ષણ સમિતિમાંથી તેમના સભ્યના રાજીનામાનો પ્રશ્ન હઠાગ્રહથી લેવડાવે તેવી વાતો છે. પંચાયતધારાની જોગવાઈ મુજબ રાજીનામુ નહિ મળ્યુ હોવાથી ભાજપ કોંગ્રેસ વચ્ચે કેવી શાબ્દીક ટપાટપી થાય છે તેને રાજકીય વર્તુળો અત્યંત બારીકાઈથી નિહાળશે તેમ મનાઈ રહ્યું છે.

આજની સામાન્ય સભામાં સભ્યોએ ૧૧ જેટલા પ્રશ્નો રજુ કર્યા છે એટલે પ્રશ્નોત્તરીમાં થોડીક ઉત્તેજનાઓ જોવા મળશે બાકી વહીવટીય કામગીરીનું ભારણ વધુ છે.

કોંગ્રેસ અને ભાજપના સભ્યોએ અલગ-અલગ રણનીતિ તૈયાર કરી હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

ગુજરાત સરકારમાં ૩૬,૦૦૦ જગ્યાઓ માટે
તલાટી, GPSC-1,2 તથા તમામ સરકારી નોકરી માટે
ફ્રી Demo લેક્ચર
તા. ૫, ૬, ૭/૧/૨૦૧૪ ● સવારે ૯-૦૦ કલાકે
શિલ્પ CAREER ACADEMY
તૃપ્તિ આઈસ્ક્રીમ પાર્લર સામે, Axis Bank ઉપર, સેક્ટર-૧૬, ગાંધીનગર
Contact : 94269 44899, 99985 75255

LED, LCD & Colour TV રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧